


નિર્માણ

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.
ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૫

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર


# કુહૂ

(ગુજરાતી - પ્રથમ ભાષા)

## ધોરણ ૪

## સ્વઅધ્યયનપોથી

(લર્નિંગ લૉસ-બ્રિજ કોર્સ)







વિદ્યાર્થીનું નામ ______________________

શાળાનું નામ ______________________

● આપેલા ચિત્રોનું વર્ણન તમારા વડીલ સમક્ષ રજૂ કરો.





# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

**સમગ્ર શિક્ષા વેબસાઈટ : ssagujarat.org/StudyFromHome.html**




ગુજરાત સરકાર દ્વારા બાઈસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ

BISAG-N www.vande.gujarat.gov.in VANDE GUJARAT

બાઈસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાઈસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે. DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.

DIKSHA — https://diksha.gov.in/

YouTube — Gujarat e-Class Samagra Shiksha

Facebook — Gujarat E Class

# કુહૂ

## (ગુજરાતી - પ્રથમભાષા)

## ધોરણ ૪

# સ્વઅધ્યયનપોથી

## (લર્નિંગ લૉસ - બ્રિજકોર્સ)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારા ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે
આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.


નિર્માણ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર - ૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર.

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર.

## પ્રસ્તાવના

વિદ્યાર્થીમિત્રો, શાળા શરૂ થયા બાદ આપની શાળાના વર્ગમાં જે તે વિષયનું શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું હશે. પાછલાં વર્ષોમાં શાળામાં કેટલાક મહિનાઓ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રહેલું અને તેના પરિણામે વર્ગમાં અભ્યાસ માટેના દિવસો પણ બહુ ઓછા મળેલા. આ બાબતને ધ્યાનમાં રાખી નવા વર્ષે અગાઉના ધોરણ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પામીએ તે પહેલાં આ સ્વઅધ્યયનપોથી સાથે ગત વર્ષોની શીખેલી બાબતો મહાવરા તરીકે અહીં મૂકવામાં આવી છે. અહીં ગુજરાતી વિષયમાં અગાઉનાં ધોરણમાં શીખેલી ભાષાની અગત્યની બાબતોને ધ્યાને લઈ તેની પ્રવૃત્તિઓ આપવામાં આવી છે.

ભાષા એ બોલવા સાથે લખવા-વાંચવા અને અભિવ્યક્તિના માધ્યમ તરીકે ઉપયોગી છે. ભાષામાં મૂળાક્ષરથી લઈને શબ્દો, વાક્યોને ક્રમમાં લખવા-વાંચવા સુધીની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. અહીં ગત વર્ષને ધ્યાને લઈ ભાષાશિક્ષણમાં થયેલ 'લર્નિંગ લૉસ' ને પહોંચી વળવા માટે નિર્માણ થયેલ વાંચન-લેખન સામગ્રી અંતર્ગત ગુજરાતી વિષયમાં અર્થગ્રહણ, સ્વતંત્રલેખન, તાર્કિક ચિંતન, સર્જનાત્મક લેખન અને વ્યાવહારિક વ્યાકરણ આધારિત પ્રવૃત્તિઓ મૂકી છે.

ધોરણ 3 થી 5ના વિદ્યાર્થી તરીકે તમારામાં ભાષાનો વિકાસ અને સર્જન થાય તે માટેનો પ્રયાસ થાય તેવી પ્રવૃત્તિઓ પસંદ કરવામાં આવી છે. અહીં પ્રવૃત્તિ કરવા માટે ફકરામાં ખૂટતા શબ્દોનું લેખન, અર્થગ્રહણ આધારિત પ્રશ્નો, યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂર્તિ, શબ્દનિર્માણ, શબ્દોનો વાક્યપ્રયોગ, શબ્દ સાથે જોડાઈને લખાતા પ્રત્યયો, કાવ્ય રસાસ્વાદ, ટિકિટ, ટ્રાફિક સિગ્નલ, જાહેરાત, બૅનર, બૉર્ડ, સમયપત્રક આધારિત પ્રશ્નોત્તરી, ચિત્ર આધારિત પ્રશ્નોત્તરી, સ્વતંત્રલેખન, વ્યાવહારિક વ્યાકરણ અંતર્ગત સમાનાર્થી - વિરુદ્ધાર્થી શબ્દો, શબ્દ આધારિત વાક્યરચના, મનોશારીરિક પ્રવૃત્તિઓ જેવી પ્રયુક્તિઓનો આધાર લેવાયો છે.

જેમ કે, અહીં આપેલી ટિકિટ પરથી માહિતીની વિગતો તારવવાની પ્રવૃત્તિ દ્વારા તમને સમજણપૂર્વકનું અર્થગ્રહણ ચકાસવાનો મહાવરો મળશે. ઉપરાંત નવા શબ્દો ઉપયોગમાં લઈને તમારી ભાષામાં નવું સર્જન થાય તેવી સંભાવના રહેલી છે. એટલે કે અહીં આપેલી મહાવરાની દરેક બાબતમાંથી તમારી ભાષાનો વિકાસ થતો રહે તેવી સંભાવના ધ્યાને રાખી છે.

અહીં ભાષામાં આપેલી પ્રવૃત્તિઓમાં પ્રશ્નોત્તરી, શબ્દો પરથી વાક્યલેખન, ખાલી જગ્યામાં યોગ્ય શબ્દની પૂર્તિ, વાતચીત, ચિત્રવર્ણન, ચિત્ર પરથી લેખન, શબ્દસર્જન જેવી ભાષાસજ્જતા, યોગ્ય વિકલ્પ પસંદગી, ઉદાહરણ મુજબ વાક્યરચના, કોષ્ટક પરથી શબ્દલેખન, શબ્દોનો વાક્યપ્રયોગ, સમાનાર્થી-વિરુદ્ધાર્થી શબ્દલેખન, શબ્દો પરથી નવા શબ્દોનું સર્જન જેવી બાબતો આગળના ધોરણમાં વધુ શીખવા માટે સહાયક બનશે તેમ માનીને આપી છે.

વિદ્યાર્થીમિત્રો, શક્ય છે કે તમને ભાષાની પ્રવૃત્તિઓ માત્ર વાંચન-લેખન માટે જ ઉપયોગી જણાય, પરંતુ તમારાં રોજિંદા જીવનમાં પણ ભાષા સારી રીતે બોલવા, વાંચવા, અર્થગ્રહણ તેમજ વ્યાવહારિક ઉપયોગ માટેનો પ્રયત્ન કર્યો છે.

શ્રદ્ધા છે કે ભાષા માટેના મહાવરાની આ પ્રવૃત્તિઓ ભાષાશિક્ષણને બળવત્તર કરશે.

| | |
|---|---|
| **ડૉ. પી. એ. જલુ** | **ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)** |
| નિયામક, | સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર, |
| જીસીઈઆરટી, | સમગ્ર શિક્ષા, |
| ગાંધીનગર | ગાંધીનગર |


**માર્ગદર્શન**

શ્રીમતી જયશ્રી દેવાંગન (IAS)
(એએસપીડી, સમગ્ર શિક્ષા)
શ્રી પ્રકાશ ત્રિવેદી
(સચિવ, સમગ્ર શિક્ષા)
શ્રી વી. આર. ગોસાઈ
(સચિવ, GCERT)
ડૉ. અશોકભાઈ એન. ચૌધરી
(રીડર, GCERT)

**નિર્માણ-સંયોજન**

ડૉ. અખિલ ડી. ઠાકર
શ્રી નરેન્દ્ર એન. રાવલ
ડૉ. ભાર્ગવ ઠક્કર

**કન્વીનર**

શ્રી રશ્મિકાબહેન એસ. મોદી

**સંપાદન-સંકલન**

શ્રી અનિલભાઈ ઉપાધ્યાય
શ્રી ધર્મેશ રામાનુજ

**લેખન**

શ્રી હર્ષવી પટેલ
શ્રી સંત્રાબેન આચાર્ય
શ્રી પ્રકાશભાઈ એમ. પ્રજાપતિ
શ્રી હિતેષકુમાર વી. નાયક

**સમીક્ષા**

ડૉ. લીનાબહેન ઉપાધ્યાય
શ્રી દક્ષાબેન ખડાયતા
શ્રી મહંમદરફીક મન્સુરી
શ્રી મહેન્દ્રભાઈ મકવાણા
શ્રી પ્રજ્ઞેશ વ્યાસ
શ્રી કુલદીપસિંહ આર. ચૌહાણ
શ્રી રીઝવાનાબેન મિરઝા
શ્રી મિતેષભાઈ વાળંદ

**મુદ્રણ આયોજન**

શ્રી મનીષ એચ. બધેકા
(નાયબ નિયામક : ઉત્પાદન)

# શિક્ષક-વાલી જોગ સંદેશ

ગત વર્ષોમાં શાળામાં-વર્ગખંડમાં જે તે વિષયનું શિક્ષણ પ્રાપ્ત કરવામાં વિદ્યાર્થીઓએ મુશ્કેલી અનુભવી હશે. જો કે શિક્ષણ વિભાગ દ્વારા 'શાળા બંધ છે, પણ શિક્ષણ નહિ' તે ધ્યેયને મંત્રસ્વરૂપે અનુસરી વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણ આપવાનું અદ્વિતીય કાર્ય ચાલુ જ રહ્યું હતું. આ સિદ્ધિને કારણે આજે આપણે આપણા વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં મોકલવા માટે સક્ષમ થઈ શક્યા છીએ.

અહીં આપણે આપણા વિદ્યાર્થીઓને ગત વર્ષે શિક્ષણ અંતરાય દરમ્યાન ઊભી થયેલી અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ને ધ્યાને લઈ તેના નવા વર્ષના પ્રારંભે કેટલીક મહાવરાની બાબતો આપીને તેને આગળના ધોરણના અભ્યાસ માટે સજ્જ કરવાનો પ્રયાસ કરવા તરફ જઈ રહ્યા છીએ. સામાન્ય રીતે લર્નિંગ લૉસ એટલે અધ્યયનની એવી ખોટ / કચાશ કે જેમાં શીખેલું ભૂલી જવું, ઓછું શીખવાનું કે શીખેલું બરાબર યાદ ન રહેવું. આવું થવાનું કારણ પણ સાહજિક છે, આ કોઈ એવી ખોટ નથી કે જે પૂરી ન શકાય. લર્નિંગ લૉસની પૂર્તતા કરવા માટે વધુ મહાવરો અને શીખેલી સંકલ્પનાઓ પુનઃ યાદ કરાવવાનો પ્રયાસ કરવો પડે, જે અહીં આપણે કરવાના છીએ.

અહીં લર્નિંગ લૉસની પૂર્તિ માટે આપેલા મહાવરામાં મુખ્ય ત્રણ બાબતોની કાળજી લેવાઈ છે. **પ્રથમ** વિદ્યાર્થીઓને અગાઉના ધોરણના વિષયને અનુરૂપ વિષયવસ્તુનો પુનઃ પરિચય થાય તેવી બાબતો અપાઈ છે. **બીજું**, અપાયેલા દરેક મહાવરા માટે એવી બાબતોનો આધાર લેવાયો છે જેની સંકલ્પનાઓ ધોરણ ૩ થી ૫> માટે પાયારૂપ હોય. આ બાબતો અગાઉના ધોરણના વિષયવસ્તુની સંકલ્પનાને વધુ દૃઢ બનાવી તેને શીખવા માટે સરળતા રહે તેવું વાતાવરણ નિર્માણ કરશે. **ત્રીજું**, અભ્યાસક્રમનો પ્રારંભ થાય તે પહેલાં વિદ્યાર્થીઓના પ્રવર્તમાન શૈક્ષણિક સ્તરનું સાર્વત્રિક મૂલ્યાંકન પણ થઈ શકે. આવું કરવાથી વર્ગ કે વિષયશિક્ષક વિદ્યાર્થીઓનું સ્તર માપીને નવી બાબત શીખવવાની શરૂઆત કરે તે પહેલાં તેને કયા પ્રકારનું આયોજન કરવું ? કેવી પદ્ધતિનો સહારો લેવો? કઈ કઈ પ્રયુક્તિઓને આયોજનમાં સમાવિષ્ટ કરવી તેનો ખ્યાલ આવે. આનાથી અગાઉના વર્ષની અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ની અસર હાલના ધોરણમાં ન પડે.

શિક્ષણ અવિરત ચાલતી પ્રક્રિયા છે, તે માત્ર વર્ગખંડ, સમયપત્રક કે વિષયમાં જ બંધાયેલું રહેતું નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર શિક્ષણનાં અધ્યયન બિંદુઓને શીખવવા માટે પ્રશ્નોત્તરી, પ્રવૃત્તિ, અવલોકન, પ્રૉજેક્ટ, સર્વે જેવી વિવિધ પ્રયુક્તિઓનો સહારો લેવાનો છે. અહીં નિર્માણ થયેલી મહાવરાની વિવિધ સામગ્રીમાં આ બધી જ બાબતોને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવાયેલી છે. આ સામગ્રીના મહાવરા માટે નીચે મુજબની કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીશું તો આપણા વિદ્યાર્થીઓ અપેક્ષિત શૈક્ષણિક ક્ષમતા કેળવી શકશે અને નવા શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમને સારી રીતે સમજીને શીખવાનું શરૂ કરી શકશે.

- મહાવરા માટે આપેલી દરેક બાબતમાં પ્રવૃત્તિઓ પણ સમાવિષ્ટ હોવાથી પ્રવૃત્તિ માટે પૂરતો સમય આપવો.
- મહાવરાની પ્રવૃત્તિઓમાં લખવા-વાંચવા સાથે જૂથ અને સમૂહમાં પ્રવૃત્તિઓ પ્રૉજેક્ટ કાર્ય જેવી વિવિધ બાબતોનો સમાવેશ કરેલો હોઈ તેને પણ શીખવાનો અગત્યનો ભાગ માનીને તે કરવા માટે પૂરતો સમય અને સ્વતંત્રતા આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ દરમ્યાન વિદ્યાર્થીને તેનાં મિત્ર, કુટુંબીજનો અને અન્ય લોકોની જરૂર પડે તેવું આયોજન હોવાથી તેને પ્રવૃત્તિ માટે અન્ય સાથે કામ કરવાની છૂટ આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ શાળા અને ઘર બંને જગ્યાએ એક સાથે ચાલે તે માટેનું આયોજન વિદ્યાર્થીઓને સતત જણાવતા રહીને તેમને આગળના અભ્યાસ માટે પણ જોડવાના છે તેનો ખ્યાલ રાખવો.

- મહાવરાની આ પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ સાથે સંકળાયેલી હોવાથી તેને માત્ર મનોરંજન સ્વરૂપે ન માની લેતાં વિદ્યાર્થીઓ ગંભીરતાથી તે કરે અને તેમાંથી શીખે તેવું આયોજન કરવું.
- મહાવરાની આ સંપૂર્ણ પ્રક્રિયા લર્નિંગ લૉસને પહોંચી વળવા માટેની હોવાથી વર્ગનો દરેક વિદ્યાર્થી દરેક અધ્યયન નિષ્પત્તિની પ્રવૃત્તિમાં સમાન સ્તરે પહોંચે તે માટે પ્રયાસ કરવો.
- લર્નિંગ લૉસ એ અધ્યયન કચાશ(ખોટ) પૂરી કરવાનો પ્રયાસ હોવાથી શિક્ષક સાથે વાલી, શિક્ષિત મોટા ભાઈ-બહેન અને ઉપલા ધોરણના મિત્રો પણ વિદ્યાર્થીને મદદ કરે તે ઈચ્છનીય છે.
- સ્વઅધ્યયનપોથી સાથે આપેલી મહાવરાની વિવિધ પ્રવૃત્તિઓ વર્ષની શરૂઆતમાં કરવાથી ધોરણ ૩ થી ૫ ના અભ્યાસક્રમની સંકલ્પનાઓ સમજવી સરળ બની રહે તેવો પ્રયાસ કરવા માટે વર્ગમાં બને તેટલો વધુ સમય મહાવરા માટે આપવાનું આયોજન કરવું.
- મહાવરામાં અગાઉના ધોરણની એવી બાબતોનો સમાવેશ કરાયો છે, જેનાથી ધોરણ ૩ થી ૫ના વિષયવસ્તુની સંકલ્પના સમજવાનું સરળ બને છે, તેને ધ્યાને લઈ પ્રવૃત્તિઓ કરાવતા સમયે તે પૂરેપૂરી રીતે શીખી જાય તેની કાળજી લેવાય તે જોવું.
- વિદ્યાર્થીઓએ લખેલી પ્રવૃત્તિઓની સમયસર ચકાસણી કરી તેની સારી અને સુધારાત્મક બાબતોનું વ્યક્તિગત માર્ગદર્શન આપવું ઈચ્છનીય છે.
- આપેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની સમજ અને સંકલ્પનાના વિકાસ માટે હોવાથી વર્ગના વિદ્યાર્થીઓ LO આધારિત એક-બે પ્રવૃત્તિઓ બાદ તેને સમજી શક્યા છે તેવું જણાય તો તે પૈકીની અન્ય પ્રવૃત્તિઓ ગૃહકાર્યમાં આપી શકાય, જેથી વર્ગમાં અન્ય LO> આધારિત પ્રવૃત્તિઓ કરવામાં પૂરતો સમય મળી શકે.
- આપેલી પ્રવૃત્તિઓની સમજ માટે ચિત્રો, સાધન-સામગ્રી અને અન્ય સહાયક સંદર્ભનો આધાર લેવાયો છે તેને ધ્યાને લઈ તેવી પ્રવૃત્તિઓ માટે તે સંદર્ભિત સામગ્રીની સમજ મળી રહે તેવું આયોજન હાથ ધરવું.
- અહીં પસંદ થયેલી મોટાભાગની પ્રવૃત્તિઓ ધોરણ ૩ થી ૫ના અભ્યાસક્રમને વધુ બળવત્તર બનાવવાના હેતુસર આપેલી હોવાથી વર્ગના તમામ વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓની સંકલ્પના અને સમજ કેળવે તે માટે પ્રવૃત્તિ દરમ્યાન પૂરતું માર્ગદર્શન અને પરોક્ષ મૂલ્યાંકન કરતાં રહેવું.
- અહીં આપવામાં આવેલ પ્રવૃત્તિઓ માત્ર જે તે LOમાં સમાવિષ્ટ સંકલ્પનાના મહાવરા માટે આપેલ છે. વર્ગમાં જરૂરી મહાવરા માટે આ પ્રકારની વધુ પ્રવૃત્તિઓનો વિકાસ કરી તેનો પણ મહાવરો કરાવી શકાય.
- ગણિત, વિજ્ઞાન અને ભાષાની પ્રવૃત્તિઓ તેના વિષયની નવી સંકલ્પનાઓ સરળ કરવા માટે હોવાથી તેનો પૂરતો મહાવરો થાય તે માટે વર્ગનું સમયપત્રક વિષયવાર ગોઠવી તે મુજબ કાર્ય થાય તે જોવું.

**પ્રકાશ ત્રિવેદી**
સચિવ, સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

## ચાલો યાદ કરીએ અંતર્ગત સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓની યાદી

G103 ચિત્રનું વર્ણન કરે છે.

G108 વિગતને અનુરૂપ મૌખિક અને લેખિત જવાબ આપે છે.

G111 શબ્દો અને વાક્યો લખે છે.

G120 વાર્તાની ઘટનાઓના ક્રમ સમજે છે.

G205 સાંભળેલી અને વાંચેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે.

G206 વિગતને અનુરૂપ પ્રશ્નોના મૌખિક અને લેખિત જવાબ આપે છે.

G207 જોડાક્ષર સહિતના શબ્દો અને વાક્યો (અનુલેખન અને શ્રુતલેખન) લખે છે.

G208 નવા શબ્દોના અર્થ જાણે છે.

G216 શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી સરળ / ટૂંકાં વાક્યો લખે છે.

G217 વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.

G219 વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.

# અનુક્રમણિકા

## પ્રથમ સત્ર


| | | |
|---|---|---|
| ● | ચાલો યાદ કરીએ | ૧ |
| ૧. | ખિસ્સામાં પહેલવાન ? હા ! | ૩૩ |
| ૨. | તેને તે ઊગશે ? | ૪૨ |
| ૩. | શ્રૃખલાની બહેન છીપલી | ૫૨ |
| ૪. | સિંહ ઘૂઘવે બકરો ભાગે | ૬૨ |


## દ્વિતીય સત્ર


| | | |
|---|---|---|
| ૫. | પવન ખિજાય તો ગોળ ઝાપટો | ૬૮ |
| ૬. | ભાઈબેધ મારો બોલ્યો કુહૂ | ૭૬ |
| ૭. | ખોટો જાદુ ખોટો બાવો | ૮૨ |
| ૮. | ટામેટાની દડી રમે દાદીદાદી | ૮૯ |
| ૯. | કમળજળજળકમળ જળકમળજળકમળ | ૯૬ |
| ૧૦. | રંગે સંગે સગ કરે | ૧૦૨ |
| | શબ્દરમત | ૧૧૨ |

# ચાલો યાદ કરીએ

## G207 જોડાક્ષર સહિતના શબ્દો અને વાક્યો લખે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો,

અગાઉના 'જ્ઞાનસેતુ'માં ધોરણ ૩માં આપણે જોડાક્ષર આધારિત શબ્દો અને વાક્યોનું લેખન કરી ચૂક્યાં છીએ. જોડાક્ષર-લેખન માટે તમે કઈ બાબત ધ્યાનમાં રાખશો? જેમ કે 'ખચ્ચર' - 'ખચ્ચર' નો ઉચ્ચાર કરો છો ત્યારે બે 'ચ' બોલાય છે, પરંતુ આપણે બોલીએ ત્યારે પહેલો 'ચ' અડધો અને બીજો 'ચ' આખો બોલાય છે. જો તમે બે કે ત્રણવાર મનમાં ઉચ્ચાર કરો અને ત્યારબાદ લેખન કરો, તો તમે 'ખચ્ચર' શબ્દ લખી શકો છો.

આવી રીતે કબડ્ડી, ચિઠ્ઠી જેવા શબ્દો તમે સાંભળ્યા છે અને લેખન પણ કર્યું છે. તો તમે જ્યારે 'કબડ્ડી' ઉચ્ચાર કરો છો ત્યારે 'ડ' ની સાથે 'ડ્' બોલો છો પરંતુ 'ડ'ની આગળ 'ડ' લખતા નથી. આપણે 'ડ'ની નીચે નાનો 'ડ' લખવાનો પ્રયાસ કરીએ તો આપણે આવા જોડાક્ષરનું લેખન કરી શકીએ છીએ.

આમ, 'સૃષ્ટિ' શબ્દ આપણે વાંચીએ છીએ. જ્યારે લેખન કરીએ ત્યારે 'સૃ' - 'સ' અને 'ઋ' મૂળાક્ષરોનો જોડાક્ષર છે એટલે આપણે 'ૃ' સંકેત 'સ' ની નીચે લખીએ છીએ ત્યારે 'સૃ' વંચાય છે. આમ સૃષ્ટિ, કૃતિ, કૃપા આવા શબ્દો પણ આપણે વાંચીએ અને લખીએ.

આવી જ રીતે 'દ્ર - દ્રવ્ય અને દૃ - દૃશ્ય બંને અલગ છે. 'દૃ' અક્ષરથી બનતા શબ્દો તમે વાંચો છો અને લખો છો. જ્યારે દૃશ્ય, દૃષ્ટિ તેવો ઉચ્ચાર કરીએ. 'દ'ની સાથે 'ઋ' જોડાય છે. દૃશ્યમાં જ્યારે દ્રવ્યમાં 'દ્', અને 'ર' જોડાયેલા છે. 'દ્ર' અને 'દૃ' બંનેના ઉચ્ચાર પણ અલગ થાય છે. - દ્રાવણ, દૃષ્ટિ, દૃશ્ય, દૃષ્ટાંત, દૃઢતા જેવા શબ્દોમાં દ્ ˘ ઋ એ જ રીતે આવા શબ્દોનો ઉચ્ચાર કરીને શબ્દોનું લેખન કરીએ.

આમ 'ટ્ર' માટે 'ટ્' અને 'ર્' આપણે બોલીએ છીએ. સંકેતમાં (‸) આ રીતે 'ટ' ની નીચે લખીએ છીએ, તો જ્યારે પણ તમે આવા સંકેતવાળો શબ્દ વાંચો ત્યારે 'ર' સાથે વાંચવો. 'રાષ્ટ્ર' - છેલ્લો 'ટ્ર' માટે 'ટ' અને 'ર' વાંચીએ છીએ અને આ જ રીતે 'ડ્ર', 'ટ્ર' જેવા આધારિત શબ્દો, વાક્યો લખીએ.

આમ 'ક' હોય તો આપણે તેમાં પણ 'ક' અને 'ર' વાંચીએ છીએ. પરંતુ 'ક્રમ' આપણે લખીએ છીએ ત્યારે (ˏ) ત્રાંસો લીટો કરીએ છીએ. જે ત્રાંસો લીટો આપણે 'ર' તરીકે વાંચીએ છીએ. આમ ક્રમ, પરાક્રમ, વિક્રમ જેવા શબ્દોમાં 'ક' આવા અન્ય શબ્દોમાં ત્રાંસો લીટો જેને આપણે 'ર' તરીકે વાંચીએ છીએ. જ્યારે આપણે આવા શબ્દોનું શ્રુતલેખન કરતા હોઈએ ત્યારે ખાસ આવા શબ્દો જેવા કે ક્રમ, વ્રત, પ્રકાશ જેવા શબ્દોમાં 'ર' વાંચવો.

આપણે અગાઉનાં ધોરણોમાં 'દ્ય' જોડાક્ષરથી બનતા શબ્દોનું લેખન કર્યું હશે. આ જોડાક્ષર 'દ્' અને 'ય' નો બનેલો 'દ્ય' વંચાય છે. તો આપણે જ્યારે આવા શબ્દોનું વાચન કરીએ ત્યારે 'દ્ય' વાંચવો. જેમ કે વિદ્યા, ઉદ્યમ જેવા શબ્દોમાં આપણે 'દ્ય' વાંચીએ અને જ્યારે શ્રુતલેખન કરીએ ત્યારે સ્પષ્ટ ઉચ્ચાર સાંભળીને તેને લખવાનો મહાવરો કરીએ.

ચાલો વિદ્યાર્થીમિત્રો, આપણે આવા જોડાક્ષરથી બનેલા શબ્દોનો મહાવરો કરીએ.

## ◆ મહાવરો ૧. શબ્દો વાંચો અને લખો:

| | | |
|---|---|---|
| ખચ્ચર ______ | સૃજન ______ | દૃઢતા ______ |
| કબડ્ડી ______ | દ્રુમ ______ | દૃષ્ટાંત ______ |
| વિદ્યાર્થી ______ | રાષ્ટ્ર ______ | કૃતિ ______ |
| ઉદ્યમ ______ | ક્રિયા ______ | આમ્રપાલી ______ |
| દૃશ્ય ______ | નમ્રતા ______ | સમ્રાટ ______ |

## ◆ મહાવરો ૨. જોડાક્ષર પરથી શબ્દો બનાવો:

| | |
|---|---|
| પૃ ______ | તૃ ______ |
| કૃ ______ | ધૃ ______ |
| વૃ ______ | ગૃ ______ |
| સૃ ______ | નૃ ______ |

## ◆ મહાવરો ૩. સરખા લાગતા શબ્દો જોડો:

| | | |
|---|---|---|
| દૃષ્ટિ | દૃશ્ય | ______ |
| કૃષ્ણ | સૃષ્ટિ | ______ |
| પ્રહ્લાદ | પ્રમાણ | ______ |
| અચ્ચર | કચ્ચર | ______ |
| ઉદ્યમ | વાદ્ય | ______ |
| દ્રુમ | રાષ્ટ્ર | ______ |
| ચિઠ્ઠી | કિટ્ટા | ______ |
| રિદ્ધિ | સિદ્ધિ | ______ |

## ◆ મહાવરો ૪. શબ્દ પરથી વાક્યો બનાવો:

વિદ્યા - ______

દૃશ્ય - ______

ટ્રેન - ______________________

ડ્રેસ - ______________________

ક્રિયા - ______________________

◆ **મહાવરો ૫. ફકરામાંથી જોડાક્ષરવાળા શબ્દો શોધીને લખોઃ**

આ પંદરમી ઑલિમ્પિક સ્પર્ધાના પહેલા જ દિવસે વૉલ્ટર ડેવિસ બન્યો પ્રથમ ઑલિમ્પિક વિક્રમ સ્થાપનાર. તેને સુવર્ણચંદ્રક મળ્યો. તાળીઓના ગડગડાટથી વાતાવરણ ભરાઈ ગયું. વૉલ્ટરની સિદ્ધિ રમતની દુનિયામાં માન પામી અને પુરુષાર્થ લોકોનાં દિલમાં આદર પામ્યો. આ સિદ્ધિ પછી પણ વૉલ્ટર ડેવિસે આનાથી પણ ઊંચા કૂદકા લગાવ્યા. એક બિનસત્તાવાર સ્પર્ધામાં તો એણે ૨ મીટર અને ૧૩.૫ સેન્ટિમીટરનો ઊંચો કૂદકો લગાવ્યો હતો.

| | | |
|---|---|---|
| ________ | ________ | ________ |
| ________ | ________ | ________ |
| ________ | ________ | ________ |
| ________ | ________ | ________ |

*

## G304 વર્ણનાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો,

અગાઉના ધોરણમાં તમે વાર્તા કે ફકરામાંથી પ્રશ્નોના જવાબ લખ્યા હશે. તમે વાર્તા કે ફકરાનું મૂકવાચન કર્યું હશે. ત્યાર બાદ તમે વાર્તા કે ફકરામાં આવતા નવા શબ્દોની સમજ પણ મેળવી હશે. વાર્તા કે ફકરાનું વાચન કર્યા બાદ તમે તેના પ્રશ્નોના જવાબ મૌખિક કે લેખિત સ્વરૂપે આપ્યા હશે. આ જ રીતે બીજી વાર્તા જોઈએ અને પ્રશ્નોના જવાબ આપીએ.

'કાશીનગરીમાં એક મોચી રહેતો હતો. તે બહુ પ્રામાણિક હતો. સંતોષી પણ એટલો જ. એકવાર એક સાધુ આવી મોચીને પૂછવા લાગ્યા : ''મોચીભગત ! મારા પગરખાંનું શું પડે ?''

ઉપર આપેલા ફકરાનું આપણે સમજવા માટે તેનું મૂકવાચન કરીશું. ત્યાર બાદ તેને સમજીશું અને સમજ્યા બાદ પ્રશ્નોના જવાબ આપીશું. જુઓ.

**પ્રશ્ન ૧.** આ ફકરામાં કયા નગરની વાત કરવામાં આવી છે.

તમારો જવાબ : આ ફકરામાં કાશીનગરીની વાત કરવામાં આવી છે. એમ તમે જવાબ આપશો. આવી રીતે અન્ય પ્રશ્નોના જવાબ આપવા પ્રયાસ કરશો.

આપણે વાર્તા હોય તો વાર્તાનું મૂકવાચન કર્યા બાદ નવા શબ્દો નીચે લીટી દોરી તેને સમજીશું. ત્યાર બાદ પ્રશ્નોના જવાબ પણ આપીશું. હવે આપણે તમે જે શીખ્યા તેનો થોડો મહાવરો કરીએ.

### ◆ મહાવરો ૧.

'કાશીનગરીમાં એક મોચી રહેતો હતો. તે બહુ પ્રામાણિક હતો. સંતોષી પણ એટલો જ. એકવાર એક સાધુ આવી મોચીને પૂછવા લાગ્યો : ''મોચીભગત ! મારા પગરખાંનું શું પડે ?''

### ◆ પ્રશ્નો :

(૧) આ ફકરામાં કયા નગરની વાત કરવામાં આવી છે ?

___

(૨) સાધુએ મોચીને 'મોચીભગત' એમ કેમ કહ્યું હશે ?

___

(૩) મોચી શું કામ કરે છે ?

___

(૪) મોચીમાં કેવા-કેવા ગુણો હતા ?

___

(૫) 'પગરખાં' એટલે શું ?

___

◆ **મહાવરો ૨.**

અહીં તમારી સાંભળેલી એક વાર્તા આપવામાં આવી છે. તેનું મૂકવાચન કરો અને વાર્તા પરથી પ્રશ્નોના જવાબ આપો.

**કીડી અને કબૂતર**

એક કીડી અને કબૂતર મિત્ર હતાં. એક દિવસ શિકારી આવ્યો અને કબૂતરને તીર મારવા જતો હતો. તે સમયે કીડીએ શિકારીને ચટકો ભર્યો. શિકારીનું નિશાન ચુકાઈ ગયું. એક દિવસ કીડી પાણીમાં તણાતી હતી. કબૂતરે ઝાડનું પાંદડું ફેંક્યું. કીડી તેના પર ચડી ગઈ અને બચી ગઈ.

◆ **પ્રશ્નો :**

(૧) વાર્તામાં કોની વાત કરવામાં આવી છે ?

(૨) કીડીએ શિકારીને કેમ ચટકો ભર્યો ?

(૩) કબૂતરે કીડીને કેવી રીતે બચાવી લીધી ?

(૪) નિશાન ચૂકી જવાથી શું થયું હશે ?

(૫) 'તીર' શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો.

(૬) તમે તમારા મિત્રને મદદ કરી હોય તેવો ટૂંકો પ્રસંગ લખો.

◆ **મહાવરો ૩. નીચે આપેલા ફકરાનું વાચન કરી પ્રશ્નોના જવાબ લખો:**

બપોરે વરસાદનું ઝાપટું પડી ગયું. તે પછી સરસ તડકો નીકળ્યો હતો. દીપ અને ઈવા તેમના ઘર આગળ રમતાં હતાં. ત્યાં ઘણાંબધાં પતંગિયાં હતાં. તેમાં મોટી પીળી પાંખોવાળું પતંગિયું ઈવાને ખૂબ ગમી ગયું. દીપ અને ઈવા તે પતંગિયાનો પીછો કરવા લાગ્યાં. તે પતંગિયું ઊડતું-ઊડતું લીમડાના ઝાડ પર જઈને બેઠું. લીમડા પર તો પતંગિયાંનો મેળો જામેલો. દીપ અને ઈવા હળવેથી લીમડાની નજીક ગયાં. પેલા પીળા પતંગિયાની સાથે બીજાં કેટલાંક પતંગિયાં પણ ઊડી ગયાં. અરેરેરે ! ઈવા ઉદાસ થઈ ગઈ.

(૧) 'ઝાપટું' એટલે કેવો વરસાદ ?

(૨) ઈવાએ પતંગિયાં ક્યાં જોયાં ?

(૩) ઈવાને ગમેલું પતંગિયું કેવું હતું ?

(૪) ઈવા શા માટે ઉદાસ થઈ ગઈ ?

(૫) 'પતંગિયાંનો મેળો જામેલો' એટલે શું ?

- 'ધીમેથી' જેવો અર્થ ધરાવતો શબ્દ ફકરામાંથી શોધો.

*

## G305 માહિતીલક્ષી લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો,

આપ સૌ બસમાં મુસાફરી કરતા હશો એટલે બસનું સમયપત્રક તમે જોયું હશે? જેમાં કઈ બસ કેટલા વાગે ઊપડશે અને ક્યાં જશે તે જોઈ શકાય. જેનાથી બસના સમયપત્રકને સારી રીતે સમજી શકાય. આવી અન્ય પણ કોઈ માહિતી જેમકે રેલવેનું સમયપત્રક, તમારા વર્ગનું સમયપત્રક પણ તમે જુઓ તો તમને તેની સઘળી હકીકત સરળતાથી સમજી શકો કે રિસેસ કેટલા વાગે પડે ? છેલ્લો તાસ કયા વિષયનો છે ? એક વિષયના અઠવાડિયામાં કેટલા તાસ છે ?

### ◆ મહાવરો ૧. અહીં એક સમયપત્રક છે તેનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ લખીએ.

**સમયપત્રક ધોરણ ૪**

| તાસ-ક્રમાંક | સમય | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | તાસ-ક્રમાક | સમય | શનિવાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ० | ૧૦:૩૦<br>૧૧:૦૦ | સમૂહજીવન, શાળાસફાઈ અને<br>શૈક્ષણિક કાર્ય માટેની પૂર્વતૈયારી | | | | | ० | ૭:૦૦<br>૭:૨૦ | નિત્યક્રમ |
| | ૧૧:૦૦<br>૧૧:૨૦ | **પ્રાર્થનાસભા** | | | | | | ૭:૨૦<br>૭:૩૫ | પ્રાર્થનાસભા |
| ૧. | ૧૧:૨૦<br>૧૧:૫૫ | પર્યાવરણ | ગુજરાતી | ગણિત-<br>ગમ્મત | પર્યાવરણ | ગુજરાતી | ૧. | ૭૩૫<br>૮:૧૦ | સમૂહ<br>ક્વાયત |
| ૨. | ૧૧:૫૫<br>૧૨:૩૦ | પર્યાવરણ | ગુજરાતી | ગણિત-<br>ગમ્મત | પર્યાવરણ | ગુજરાતી | ૨. | ૮:૧૦<br>૮:૪૫ | અંગ્રેજી |
| | ૧૨:૩૦<br>૧૨:૪૦ | **રિસેસ** | | | | | ૩. | ૮:૪૫<br>૯:૨૦ | શા.શિ. |
| ૩. | ૧૨:૪૦<br>૧૩:૧૫ | ગણિત-<br>ગમ્મત | પર્યાવરણ | ગુજરાતી | ગણિત-<br>ગમ્મત | પર્યાવરણ | | ૯:૨૦<br>૧૦:૦૦ | |
| ૪. | ૧૩:૧૫<br>૧૩:૫૦ | ગણિત-<br>ગમ્મત | પર્યાવરણ | ગુજરાતી | ગણિત-<br>ગમ્મત | પર્યાવરણ | ૪. | ૧૦:૦૦<br>૧૦:૩૫ | ગણિત<br>ગમ્મત |
| | ૧૩:૫૦<br>૧૪:૩૦ | **મધ્યાહ્ન ભોજન** | | | | | ૫.. | ૧૦:૩૫<br>૧૧:૨૦ | હિન્દી |
| ૫. | ૧૪:૩૦<br>૧૫:૦૫ | ગુજરાતી | ગણિત-<br>ગમ્મત | પર્યાવરણ | ગુજરાતી | ગણિત-<br>ગમ્મત | | | |
| ૬. | ૧૫:૦૫<br>૧૫:૪૦ | ગુજરાતી | ગણિત-<br>ગમ્મત | પર્યાવરણ | ગુજરાતી | ગણિત-<br>ગમ્મત | | | |
| | ૧૫:૪૦<br>૧૫:૫૦ | રિસેસ | | | | | | | |
| ૭. | ૧૫:૫૦<br>૧૬:૨૫ | કાર્યાનુભવ | હિન્દી | અંગ્રેજી | ચિત્ર | સંગીત | | | |
| ૮. | ૧૬:૨૫<br>૧૭:૦૦ | કાર્યાનુભવ | ગુજરાતી | અંગ્રેજી | ચિત્ર | સંગીત | | | |

**સમયપત્રકને આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપોઃ**

(૧) આ સમયપત્રક કયાં ધોરણનું છે ?

(૨) અઠવાડિયામાં અંગ્રેજી વિષયના કેટલા તાસ છે? એક તાસનો સમય કેટલો છે?

(૩) ૧૦:૩૦ થી ૧૧:૨૦નો સમય સૌથી અગત્યનો હોય છે. શા માટે ?

(૪) શનિવારે સમૂહ કવાયત ફરજિયાત હોય છે. શા માટે ?

(૫) તમારા સંગીતના શિક્ષકનું નામ લખો.

(૬) ચિત્રના તાસ કયા વારે ગોઠવાયેલા છે ?

(૭) સોમવારના દિવસે તમે ધોરણ જમાં ગુજરાતી વિષય (માતૃભાષા) કેટલા કલાક શીખ્યા ?

(૮) 'મધ્યાહ્ન ભોજન'માં 'મધ્યાહ્ન' એટલે કયો સમય ?

(૯) શાળામાં 'સમયપત્રક' શા માટે જરૂરી છે ?

◆ **મહાવરો ૨.**

**નીચેની જાહેરાત વાંચી પ્રશ્નોના જવાબ લખોઃ**

**ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો**

## મનપસંદ રેડીમેઈડ સ્ટૉર

**સરનામું : રંગબેરંગી શેરી, કાપડબજાર, અમદાવાદ**

**નામ :** મિત્તલ મકવાણા **બિલ નં.** ૭૩૯

**ગામ :** વાલિંડા **તા.** ૧૮-૬-૨૦૨૨

| અ.નં. | વસ્તુ | કિંમત | નંગ | રકમ |
|---|---|---|---|---|
| ૧. | શર્ટ | ૩૭૦-૦૦ | ૨ | ૭૪૦-૦૦ |
| ૨. | પેન્ટ | ૮૦૦-૦૦ | ૧ | ૮૦૦-૦૦ |
| ૩. | ટી-શર્ટ | ૫૫૦-૦૦ | ૨ | ૧૧૦૦-૦૦ |
| ૪. | કુરતો | ૪૭૦-૦૦ | ૧ | ૪૭૦-૦૦ |
| | | | કુલ | ૩૧૧૦-૦૦ |

નોંધ : વેચેલો માલ પરત લેવામાં આવશે નહિ.
માલ ફેરબદલ માટે રવિવારે જ આવવું.
શનિવારે રજા રહેશે.

**પ્રશ્નો :**

(૧) મિત્તલે કુલ કેટલા રૂપિયાની ખરીદી કરી ?

(૨) આ માસમાં કેટલા દિવસ રેડીમેઈડ સ્ટૉર બંધ રહેશે ?

(૩) મિત્તલને ટી-શર્ટ નાની પડી તો બદલાવવા ક્યારે જશો ?

(૪) મિત્તલ કપડાંની ખરીદી કરવા ક્યાં જશે ?

(૫) દુકાનદાર પોતાનો નફો કોને ગણે છે ?

*

## G306 કાવ્યાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે.

◆ **સમજ**

ટીકુબહેન તો વાચનનાં શોખીન
વાંચે નાના અક્ષરવાળી ચોપડીઓ રંગીન
ટીકુબહેન તો વાચનનાં શોખીન
છોટા ભીમ ને સોટી પોઠી... બધું જ વાંચે ખૂબ
બધી જ વાર્તા દાદી માફક બોલે આબેહૂબ
ટીકુબહેનનું લેસન કરતો વાર્તામાંનો જીન !
ટીકુબહેન તો વાચનનાં શોખીન
ટીકુબહેનના ઘરમાં તો છે ચોપડીઓના થપ્પા
ટીકુની આજ્ઞાથી સાથે વાંચે મમ્મી-પપ્પા
વાંચતાં-વાંચતાં ઊંઘી જાય ને પહોંચી જાતાં ચીન !
ટીકુબહેન તો વાચનનાં શોખીન
એક દિવસ તો અજવાળામાં થયાં ટીકુબહેન ગુમ
આખા ફળિયે શોધે સૌ કોઈ, ઝાઝી પાડે બૂમ
શાણાં ટીકુબહેન પલંગ નીચે વાચનમાં તલ્લીન !
ટીકુબહેન તો વાચનનાં શોખીન

- હર્ષવી પટેલ

વિદ્યાર્થીમિત્રો,

આપણે અહીં ત્રણ કાવ્યો 'ટીકુબહેન તો વાચનનાં શોખીન', 'રિમઝિમ રિમઝિમ વરસી ફોરાં' અને 'રમશું રમશું રેલમછેલ'નું પઠન કરીશું, ગાન કરીશું અને તેમાં આવતા નવા શબ્દો નીચે લીટી દોરી તેની સમજ આપણા શિક્ષક કે વાલી દ્વારા મેળવીશું. ત્યાર બાદ પ્રશ્નોના જવાબ લખવા પ્રયાસ કરીશું.

અગાઉ આપણે પાઠ્યપુસ્તકની કવિતાઓનું ગાન કર્યું છે. તેનો રાગ પણ તમને આવડતો હશે. અહીં આપણે 'ટીકુબહેન તો વાચનનાં શોખીન' ગીતનું ગાન કરીશું અને તેનું પઠન પણ કરીશું. જોકે તમે અગાઉ આ ગીતનું પઠન અને ગાન કરી ચૂક્યા છો. ગીત આધારિત વાતચીત પણ કરી છે. જેના પ્રશ્નોના જવાબ પણ તમે લખ્યા છે, તો ફરી એકવાર 'ટીકુબહેન તો વાચનનાં શોખીન' ગીતનું પઠન અને ગાન કરીએ. ત્યાર બાદ અહીં આપેલા પ્રશ્નોના જવાબ લખીએ.

◆ **પ્રશ્નો :**

(૧) ટીકુબહેનને શું બહુ ગમે છે ?

_______________________________________________

(૨) તમે શું વાંચો છો ?

_______________________________________________

(૩) વાંચવું, લખવું, ગાવું, રમવું - આ ચારમાંથી તમને શું કરવાનું ખૂબ ગમે ?

_______________________________________________

(૪) તમે ક્યારે વાંચવા બેસો છો ?

(૫) ટીકુબહેનને તેનાં મમ્મી-પપ્પા વાંચવાની આજ્ઞા કેમ કરી હશે ?

(૬) બધાં ટીકુબહેનને ક્યાં શોધતાં હતાં ?

(૭) ટીકુબહેન પલંગ નીચે કેમ ગયાં હશે ?

(૮) એક દિવસ તો અજવાળામાં થયાં ટીકુબહેન ગુમ, આખા ફળિયે શોધે સૌ કોઈ. (ફળિયાના બદલે તમને ગમતો શબ્દ મૂકી પંક્તિ ફરી લખો. તેના જેવા અર્થવાળો બીજો શબ્દ મૂકો.)

(૯) ટીકુબહેનના ઘરમાં ઘણી ચોપડીઓ હતી. આ વાત કઈ પંક્તિમાં છે ?

## ◆ જોડકાં જોડો:

| | | | |
|---|---|---|---|
| ૧. ટીકુબહેનને | - | ઘણીબધી ચોપડીઓ હતી. | |
| ૨. તેનું લેસન | - | બૂમો પાડી શોધતા હતા. | |
| ૩. તેના ઘરમાં | - | સંતાઈને વાંચતાં હતાં. | |
| ૪. તે પલંગ નીચે | - | વાર્તાનો જીન કરી આપતો. | |
| ૫. બધાં ટીકુબહેનને | - | વાંચવાનું ખૂબ ગમતું. | |

## ◆ મહાવરો ૨.

રિમઝિમ રિમઝિમ વરસી ફોરાં,
ધરતી પર તો આવ્યાં છે.
કોણે આ ફોરાંના પગમાં,
ઝાંઝરિયાં પહેરાવ્યાં છે !
થાય મને કે દોડી દોડી,
આંગણમાં જઈ આવું હું,
સાવ ટબૂકલાં એ ફોરાંને,
ખોબામાં લઈ આવું હું,
કોણ દેશથી આવે ફોરાં ?
કોણ દેશ એ જાશેજી
ઝળહળ ઝળહળ સૂરજ - તે જે
મરક મરક મરકાશે જી.

કોણ તને મોકલતું ફોરાં ?
કોણ તને બોલાવે છે ?
અલકમલકથી આવી પાછું
અલકમલક તું જાવે છે !

- કાન્તિ કડિયા

**પ્રશ્નો :**

(૧) આ ગીતની કઈ બે પંક્તિ તમને ખૂબ ગમી ?

(૨) ફોરાંના પગમાં ઝાંઝરિયાં પહેરાવ્યાં છે એવું કવિએ કેમ કહ્યું છે ?

(૩) સાવ ટબૂકલાં એટલે કેવાં ?

(૪) ફોરાં ક્યારે મરકશે ?

(૫) ફોરાંને કોણ બોલાવતું હશે ?

(૬) ઝળહળ જેવો બીજો શબ્દ લખો.

◆ **મહાવરો ૬. કાવ્યના આધારે નીચેના જેવા પ્રશ્નોના જવાબ લખોઃ**

રમશું રમશું રેલમછેલ
હળશું, મળશું, કરશું ગેલ
ખડખડ હસવું ખેલમખેલ
રમશું રમશું રેલમછેલ
ભલો શિયાળો, ટાઢ મજાની
ભલો ઉનાળો, લૂય મજાની
વરસાદે વાછંટ મજાની
બારેમાસ મજાની ગમ્મત
ધિંગામસ્તી ઠેલમઠેલ
રમશું રમશું રેલમછેલ

**કાવ્યમાંથી ઉદાહરણ મુજબ બીજા શબ્દો શોધીને લખોઃ**

**ઉદાહરણ :** દોડમદોડ

______ ______ ______

______ ______ ______

______ ______ ______

**ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી વાક્ય પૂર્ણ કરોઃ**

(૧) વરસાદે ______ મજાની (વાછટ, છાલક)

(૨) ભલો શિયાળો ______ મજાની (ઠંડી, ગરમી)

(૩) ભલો ઉનાળો ______ મજાની (લહેર, લૂ)

**પ્રશ્નો :**

(૧) ગીતમાં શાની રેલમછેલ કરવાની છે ?

______

______

______

(૨) કવિતામાં શું-શું કરવાની વાત કવિએ કહી છે ?

______

______

______

(૩) રેલમછેલ જેવો બીજો કોઈ એક શબ્દ કવિતામાંથી શોધો.

______

______

______

*

## G307 પ્રકીર્ણ, છૂટાછવાયા લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો, તમે ન્યૂઝપેપર (વર્તમાનપત્ર/છાપું)માં આવતી વિવિધ જાહેરાતો જોતા હશો. તે છાપામાં જાહેરાતમાંથી પણ આપણે ઘણીબધી માહિતી મેળવી શકીએ છીએ. જાહેરાત શાની છે? જાહેરાતમાં જે કંઈ સામગ્રી કે વસ્તુ હોય તો તેની કિંમત કેટલી છે? વળતર કેટલું મળે છે? અલગ-અલગ સામગ્રીની એમ.આર.પી. કેટલી છે ? તમે ન્યૂઝપેપર કે જાહેરાતનાં મોટાં બૉર્ડ વાંચ્યાં હશે તો આપણે તેની સઘળી હકીકતથી વાકેફ થયા હશો.

વાંચતા જ હશો તેની મદદથી ઘણું જાણતા હશો.

તમે ઘણાંબધાં બિલ, રૅપર્સ પણ જોતા હશો. તો આપણને તે વાંચતાં પણ આવડે કે બિલમાં દુકાનનું નામ શું છે? કઈ વસ્તુનો શું ભાવ છે ? તમે ગુજરાતી સિવાય અન્ય ભાષામાં પણ રૅપર્સ વાંચતા હશો ? શિક્ષક કે વાલી દ્વારા બિલ કે રૅપર્સ પરથી પ્રશ્નો પણ તમને પૂછ્યા હશે અને તે સાંભળી તેના જવાબ પણ આપ્યા હશે. તો ચાલો ! આવી જ રીતે ન્યૂઝપેપરની જાહેરાત, બિલ, રૅપર્સમાંથી (પ્રશ્નો પણ બનાવી શકીએ છીએ. તો અહીં આપણે કેટલીક સામગ્રી એટલે બિલનો નમૂનો, કોષ્ટકનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપીએ.) કેટલુંક જાણી પ્રશ્નોના જવાબ આપીએ.

### ◆ મહાવરો ૧. બિલનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ લખો:

**સપના સુપર માર્કેટ**

જયહિંદ સર્કલની બાજુમાં, વડોદરા

નામ : **જનકભાઈ પટેલ**

બિલ નંબર - **૧૨૫**

તા. **૧૫-૦૩-૨૦૨૦**

| ક્રમ | વસ્તુ | નંગ/વજન | ભાવ (રૂપિયામાં) | કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|---|
| ૧. | સિંગતેલ ડબ્બો | ૧ | ૨૬૨૦ | ૨૬૨૦ |
| ૨. | ચોખા | ૨ કિગ્રા | ૪૫ | ૯૦ |
| ૩. | ઘઉં | ૧૦ કિગ્રા | ૨૦ | ૨૦૦ |
| ૪. | ખાંડ | ૨ કિગ્રા | ૭૦ | ૧૪૦ |
| | | | કુલ | **૩૦૫૦** |

**પ્રશ્નો :**

(૧) દુકાનનું નામ શું છે ? ________________

(૨) જનકભાઈએ કુલ કેટલા રૂપિયા ચૂકવ્યા છે ? ________________

(૩) જનકભાઈ દ્વારા કયા માસમાં ખરીદી કરવામાં આવી છે ?

(૪) અહીં લખવામાં આવેલ 'કિગ્રા' શબ્દનો અર્થ શું થાય છે ?

(૫) ૨ કિગ્રા ઘઉંની કિંમત કેટલી થાય ?

(૬) બિલમાં કેટલી વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(૭) 'સપના સુપર માર્કેટ' ક્યાં આવેલું છે ?

(૮) અહીં સુપર માર્કેટ એવું કેમ કહ્યું હશે ?

(૯) ૧ કિગ્રા ચોખાનો ભાવ શું છે ?

(૧૦) સિંગતેલના ડબ્બા આગળ ૧ પછી કિગ્રા કેમ લખ્યું નથી ?

**મહાવરો ૨. નીચેના કોષ્ટકનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ લખો:**

| ક્રમ | કાર્યસૂચિ | સમય | સ્થળ |
|---|---|---|---|
| ૧. | વ્યક્તિગત ગીત | ૧૦:૩૦ થી ૧૨:૩૦ | શ્રી ગિજુભાઈ હૉલ |
| ૨. | સમૂહ ગીત | ૧:૩૦ થી ૩:૫૦ | અભિવ્યક્તિ-મંચ |
| ૩. | લોકસંગીત | ૪:૦૦ થી ૬:૦૦ | પ્રાર્થના-હૉલ |
| ૪. | શાસ્ત્રીય સંગીત | ૭:૦૦ થી ૮:૦૦ | શ્રી ગિજુભાઈ હૉલ |

**પ્રશ્નો :**

(૧) સંગીતા પોતાનું ગીત રજૂ કરવા કયા સમયે જશે ?

(૨) ગીતા, કવિતા, રાજેશ અને મહેશે સમૂહ એક ગીત તૈયાર કરેલું છે, તો તેઓ રજૂઆત કરવા ક્યાં જશે ?

(૩) ૧૨:૩૦ થી ૧:૩૦ ના સમયે કયો કાર્યક્રમ હોઈ શકે ?

(૪) કઈ સ્પર્ધામાં સૌથી વધુ સમય લાગશે ?

(૫) પ્રાર્થના-હૉલનો ઉપયોગ કઈ સ્પર્ધા માટે થશે ?

(૬) 'લોકસંગીત' એટલે કેવું સંગીત ?

◆ **મહાવરો ૩. નીચે આપેલી માહિતીના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

**આ જાહેરાતનો લાભ ૧-૫-૨૦૨૨ થી ૩૦-૫-૨૦૨૨ સુધી જ મળશે.**

**ટચૂકડી જાહેરાત**

**જોઈએ છે... જોઈએ છે...**

**'રાજારાણી' મોલમાં લેડિઝ વેર અને કિડ્ઝ વેર વિભાગમાં મહિલા કાર્યકરની જરૂર છે.**

**વયમર્યાદા ૨૦ થી ૪૦ વર્ષ લાયકાત : ધોરણ ૧૨ પાસ**

**અરજી સાથે રૂબરૂ મળો.**

**સ્થળ : ૧૦૧, રાજારાણી મોલ કાર્યાલય, બીજો માળ, પરીનગર**

**નોંધ : શનિવારે કાર્યાલય બંધ રહેશે.**

**પ્રશ્નો :**

(૧) ઉપરની જાહેરાત શાની છે ?

(૨) ધોરણ ૧૦ ભણેલી મહિલાને આ નોકરી મળશે ? કેમ ?

(૩) અરજી લઈને ક્યાં જવું પડશે ?

(૪) ઉપરનું કાર્યાલય મહિનામાં કેટલી વાર બંધ રહેશે ?

(૫) આ જાહેરાતમાં વધુમાં વધુ કેટલી ઉંમરની વ્યક્તિને નોકરી મળશે ?

(૬) આ મોલમાં કોનાં કપડાં નહિ મળે ?

*

## G309 લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો, અગાઉનાં ધોરણમાં કોઈ એક ચિત્ર આપેલ હોય અને તેનું વર્ણન બે કે ત્રણ વાક્યમાં લખવાનો પ્રયાસ તમે કરી ચૂક્યા છો. આ ઉપરાંત કોઈ સ્થળ, પ્રસંગ જેવા કે ગામ, નિશાળ, જાહેરસ્થળો, પ્રસંગો, ઘટના વિશે તમે મૌખિક કે લેખિત રજૂઆત કરી ચૂક્યા હશો. આપણે ફરી એકવાર ચિત્ર, પ્રસંગ, સ્થળ વિશે વાક્યો, ફકરો, પ્રશ્નોના જવાબ લખવાનો પ્રયાસ કરીશું.

વિદ્યાર્થીમિત્રો, તમને ચિત્ર આપેલું હોય તો તમે પહેલાં ચિત્રનું અવલોકન કરશો ત્યાર બાદ ચિત્રમાંની વિષયવસ્તુની વિગત જોવાનો પ્રયાસ કરશો. ત્યાર બાદ ચિત્રનું અવલોકન કરી પ્રશ્નોના જવાબ લખવાનો પ્રયાસ કરશો.

વાર્તા, ઘટના કે સ્થળ વિશે આપણે જ્યારે વર્ણન કરીએ ત્યારે તે ઘટના ક્યારે બને છે, ઘટનાનો ક્રમ, ક્રમિક વિગતો વગેરે આપણે લખવાનો પ્રયાસ કરીશું.

ઉદાહરણ તરીકે ચોમાસા વિશે વાક્યો લખવાનાં હોય તો ચોમાસું કયા સમયે શરૂ થાય છે ? ચોમાસું કઈ ઋતુ પછી આવે છે ? ચોમાસામાં વાતાવરણમાં કેવા ફેરફાર થાય છે ? તે વિશેની વિગતો આપણે લખવાનો પ્રયત્ન કરવો જોઈએ. ચોમાસામાં વરસાદ પડી ગયા પછી વાતાવરણમાં કેવા ફેરફાર થાય છે. તમને કેવો અનુભવ થાય છે ? તેની પણ નોંધ કરવી જોઈએ.

ટૂંકમાં, પ્રસંગ, સ્થળ, ઘટના કે ચિત્રો આધારિત સ્વતંત્ર રીતે શબ્દો, વાક્યો કે ફકરો લખવાનો પ્રયાસ કરીશું. એક પ્રકારે આવું લખવું એટલે તમે સ્વતંત્રલેખન કરી રહ્યા છો એમ કહેવાય.

### ◆ મહાવરો ૧. તમને ગમતું ચિત્ર દોરી ચોંટાડી તેના વિશે ચાર વાક્યો લખો.

◆ **મહાવરો ૨. ગામ વિશે બે કે ત્રણ વાક્યો લખોઃ**

◆ **મહાવરા ૩. તમારે તમારા માટે એક નવું દફતર ખરીદવાનું છે તે કેવું હશે તેના વિશે ત્રણ કે ચાર વાક્યો લખોઃ**

◆ **મહાવરા ૪. મુદ્દા પરથી વાર્તા લખો (શિક્ષક કે વાલીએ વાર્તા કહેવી):**

નગરનો માર્ગ - માર્ગમાં પથ્થર - પથ્થર અનેકને નડે - કોઈ પથ્થર ખસેડતું નથી - છેવટે એક માણસ પથ્થર ઉપાડે છે - પથ્થર નીચે રાજાની ચિઠ્ઠી - સોનામહોર 'પથ્થર ખસેડવાનું ઈનામ' નગરજનો પર તેની અસર - શીર્ષક

◆ **મહાવરો ૫. 'સ્વાતંત્ર્યદિન' વિશે પાંચ-છ વાક્યો લખોઃ**

**સ્વાતંત્ર્યદિન**

◆ **મહાવરા ૬. તમને ગમતી કોઈ પણ એક વાર્તા લખોઃ**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

◆ **મહાવરા ૭. આપેલો પ્રસંગ વાંચો અને સૂચના મુજબ જવાબ આપોઃ**

આદ્યાબહેન ખૂબ મોટા જાસૂસ : જૂનાં અને જાણીતાં. દૂર-દૂરના ગામથી, નાનાં-મોટાં શહેરથી લોકો તેમની સલાહ લેવા ફોન કરે. આદ્યાબહેન બધી વિગત ફોન પર પૂછે. એમ તેઓ ગુમ થયેલી ચીજવસ્તુ કે પશુઓને શોધી આપે.

અદ્વૈતભાઈને વહાલો ઘોડો મળતો નહોતો. તેમણે વહેલી સવારે આદ્યાબહેનને ફોન જોડ્યો.

આદ્યાબહેન : તમારા ઘોડાનો દેખાવ કેવો હતો ?

અદ્વૈતભાઈ : ચાર પગ, બે આંખ, બે...

આદ્યાબહેન : બધા ઘોડાને હોય એ તો ! તમારા ઘોડાની ખાસ વાત ?

અદ્વૈતભાઈ : તેને સુંદર, સોનેરી વાળ છે. લીસી, ચમકતી ચામડી છે.

આદ્યાબહેન : એવા તો ઘણા ઘોડા હોય. તમારા ઘોડામાં જુદું શું ?

અદ્વૈતભાઈ : તેના કપાળ પર કથ્થાઈ ચાંદો છે.

આદ્યાબહેન : આ બરાબર. આવી જ બીજી વિશેષ વાત જણાવો.

અદ્વૈતભાઈ : તેના બંને પાછલા પગ પર પણ કથ્થાઈ ચાંદા છે.

આદ્યાબહેન : સરસ હવે કહો, ક્યારે ખોવાયો ? છેલ્લે ક્યાં જોયો હતો ?

અદ્વૈતભાઈ : અડધા કલાક પહેલાં, ઘર પાસેથી.

આદ્યાબહેન : તમે ક્યાં-ક્યાં તપાસ કરી ?

અદ્વૈતભાઈ : તપાસ નથી કરી. સીધો તમને ફોન કર્યો.

આદ્યાબહેન : પહેલાં તમારા ઘર, ખેતર, વાડી કે ઘોડારમાં તપાસ કરો.

અદ્વૈતભાઈ : હા, એ ખરું !

◆ **નીચેના વાક્યોમાં ખોટા શબ્દો પર છેકો મારી વાક્ય મોટેથી લખો.**

૧. આદ્યાબહેન પ્રખ્યાત / વૃદ્ધ / નકામા / હોશિયાર જાસૂસ હતાં.

૨. આદ્યાબહેન પાસે પોલીસ / ગામલોકો / શહેરીજન / ચોર સલાહ લેવા આવે.

૩. પક્ષી / પ્રાણી / વનસ્પતિ / જંતુને ચાર પગ, બે કાન, એક પૂછડી હોય.

૪. અદ્વૈતભાઈના ઘોડાના વાળ સોનેરી / ખૂબ લાંબા / લીલા / ગુચ્છેદાર હતા.

૫. અદ્વૈતભાઈના ઘોડાની ત્વચા લીલી / મેલી / ખરબચડી / ચમકતી હતી.

◆ મહાવરો ૮. ચિત્રને આધારે વાર્તા બનાવીને લખો.









◆ મહાવરો ૯. બે ચિત્રો જુઓ, તફાવત શોધીને લખો.





*

# G311

## ◆ સમજ

ભાષા-સજ્જતા અથવા તો વ્યાકરણનાં વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો, સમજતો થાય છે તથા તેનો વ્યવહારુ ઉપયોજન કરી શકે છે.

વિદ્યાર્થીમિત્રો, તમે 'કલશોર' પાઠ્યપુસ્તકની ઘણી પ્રવૃત્તિઓ જોઈ હશે. જેમાં આપણને નામ આપેલું હોય અને તેમાં આપણે 'તે', 'તેને' 'તેમને' જેવા શબ્દો લખ્યા હતા. ઉ.દા. તમારે તમારા કોઈ મિત્ર વિશે ચાર કે પાંચ વાક્યો લખવાં હોય તો તમે કેવી રીતે લખો છો? જેમ કે, જયેશ મારો પ્રિય મિત્ર છે. જયેશ સારું ક્રિકેટ રમે છે. જયેશ ખૂબ જ પ્રેમાળ છે. આમ, વારંવાર તમે જયેશ, જયેશ લખતા નથી પણ તેના બદલે તમે 'તે' લખો છો. આપણે આવી રીતે પાઠ્યપુસ્તકની ઘણી પ્રવૃત્તિઓ કરી છે. તે જ રીતે જયેશ પ્રેમાળ છે. એમ કહી તેના ગુણો વિશેની પણ પ્રવૃત્તિ કરી છે. તેને આપણે ભાષા-સજ્જતા તરીકે ઓળખીએ છીએ.

કેટલીક કાળને લગતી પ્રવૃત્તિઓ પણ કરી છે. જેમ કે, 'આજે રવિવાર છે.' 'આવતી કાલે સોમવાર છે.' 'ગઈ કાલે શનિવાર હતો' એમ કહી સામાન્ય વાતચીતમાં પણ વીતી ગયેલા અથવા પસાર થઈ ગયેલા સમય વિશે લખી પ્રવૃત્તિઓ કરી છે.

ઉપર જોયું તે મુજબ આપણે સ્થળવાચક / સમયવાચક વચ્ચે, ઉપર-નીચે, આગળ-પાછળ, અંદર-બહાર, પછી અત્યારે પહેલાં જેવી પ્રવૃત્તિઓ આપણા પાઠ્યપુસ્તકમાં કરેલ છે, તો મિત્રો, ફરીથી આપણે આ તમામ પ્રવૃત્તિઓને એકવાર નીચેના જેવા મહાવરા દ્વારા યાદ કરી લઈએ.

## ◆ મહાવરા ૧. ઉદાહરણ મુજબ પ્રવૃત્તિ કરોઃ

બંને વાક્યોમાં શો ફેર છે ? તે શોધો.

| અ | બ |
|---|---|
| ૧. અનીશભાઈ અનીશભાઈના નાના ભાઈનો ફોટો પાડે છે. | ૧. અનીશભાઈ <u>તેમના</u> નાના ભાઈનો ફોટો પાડે છે. |
| ૨. રેશમાએ રેશમાની આંગળી ઊંચી કરી. | ૨. રેશમાએ તેની આંગળી ઊંચી કરી. |
| ૩. ભદ્રા ભદ્રાના મિત્રને મળી. | ૩. ભદ્રા તેના મિત્રને મળી. |
| ૪. ચકલીએ ચકલીના માળામાં ઈંડાં મૂક્યાં. | ૪. ચકલીએ તેના માળામાં ઈંડાં મૂક્યાં. |
| ૫. બધાં બાળકોએ બધાં બાળકોનાં દફતર ઊંચક્યાં. | ૫. બધાં બાળકોએ પોતાનાં દફતર ઊંચક્યાં. |

## ◆ સાચી રીતે જોડો.

| (અ) | જવાબ | (બ) |
|---|---|---|
| ઉદા. રેખાની | તેની | તેને |
| અનિરુદ્ધના | | તેમને |
| ભદ્રેશને | | તેના |
| ડબ્બામાં | | તેમનો |
| જીવજંતુઓને | | તેમાં |
| જીવજંતુઓનો | | તેની |

## મહાવરો ૩. બિનજરૂરી શબ્દ છેકી વાક્ય ફરીથી લખોઃ

(૧) "બાળકો, તમે કીડી જોઈ છે ? કીડીને / તેને કેટલા પગ હોય છે ? તમને / બાળકોને ખબર છે ?"

______________________________

______________________________

______________________________

(૨) મંકોડો પૂછે, "ભાઈઓ-બહેનો, ઓળખો છો મને / મંકોડાને ? મંકોડાના / મારા ચટકાનો સ્વાદ ચાખ્યો છે ? તો પછી કહો, મારે / મંકોડાને કેટલા પગ છે ?"

______________________________

______________________________

______________________________

## મહાવરો ૪. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરોઃ

(૧) નવ્યાએ બટન ટાંકવા __________ દોરો લીધો. (પાતળું/પાતળા/પાતળો)

(૨) મિલિન્દે __________ સાપ પકડ્યો. (એકેય/એક/બે)

(૩) જેઠાલાલે __________ લસ્સી પીધી. (ઠંડી/ઠંડું/ઠંડો)

(૪) સુસ્મિતા __________ મરચું ખાઈ શકે છે. (તીખું/તીખી/તીખા)

(૫) __________ ઑફિસમાં કૃતિકા અને દેવાંશી બેઠાં. (મોટા/મોટી/મોટું)

(૬) ઝાડનું થડ __________ છે. (જાડું/જાડા/જાડી)

(૭) ડોશીમાના માથાના વાળ __________ છે. (ધોળું/ધોળા/ધોળી)

(૮) મારી બૉલપેન __________ છે. (સસ્તી/સસ્તું/સસ્તા)

## મહાવરો ૫. વધારાની માહિતી ઉમેરી વાક્ય લાંબું કરો :

| | |
|---|---|
| ૧. મારા ઘરે ગાય છે. | ૧. મારા ઘરે સફેદ ગાય છે. |
| ૨. આકાશમાં પક્ષી ઊડે છે. | ૨. આકાશમાં ત્રણ પક્ષી ઊડે છે. |
| ૩. સુરેન્દ્રએ પતંગ ચગાવ્યો. | ૩. __________ |
| ૪. દાદીએ લાડવા વહેંચ્યા. | ૪. __________ |
| ૫. મીના અને રેણુકાએ રંગોળી પૂરી. | ૫. __________ |
| ૬. __________ | ૬. __________ |
| ૭. __________ | ૭. __________ |

## ◆ મહાવરો ૩. નીચેનું કોષ્ટક પૂર્ણ કરોઃ

અહીં વિદ્યાર્થી પોતાના મિત્રનું કે ભાઈબહેનનું નામ લખી ઉદાહરણ મુજબ લખોઃ

| | | ગઈકાલ | આજ | આવતીકાલ |
|---|---|---|---|---|
| ૧. | વાંચવું | ગીતાએ વાર્તા વાંચી. | ગીતા વાર્તા વાંચે છે | ગીતા વાર્તા વાંચશે. |
| ૨. | કૂદવું | અમે પાંચ પગથિયાં કૂદ્યાં. | અમે હાથ પકડીને કૂદીએ છીએ. | અમે કાલે દોરડાં કૂદીશું. |
| ૩. | રમવું | | | |
| ૪. | જમવું | | | |
| ૫. | હસવું | | | |
| ૬. | રંગોળી પૂરવી. | | | |
| ૭. | શાક બનાવવું. | | | |
| ૮. | મજા કરવી. | | | |
| ૯. | દોડવું | | | |
| ૧૦. | ચાખવું | | | |

## ◆ મહાવરો ૭. નકામો શબ્દ છેકો, મોટેથી વાંચોઃ

એક જંગલ હતું. **તેમાં** / **તેની** એક સસલું રહેતું હતું. એક દિવસ એક કૂતરો **તેને** / **તેની** પાછળ પડ્યો. કૂતરાથી બચવા, **તું** / **તે** ખૂબ દોડ્યું. સસલું એટલી ઝડપથી દોડ્યું કે કૂતરું **તેના** / **તેને** પકડી શક્યું નહીં. છેવટે હાંફીને કૂતરું બેસી ગયું. એક શિકારી આ બધું જોઈ રહેલો. **તેણે** / **તેને** કૂતરાને પૂછ્યું, ''કેમ, **હું** / **તું** આટલું સસલુંય પકડી ના શક્યો ? કૂતરું કહે, ''**તે** / **હું** મારવા માટે દોડતો હતો. ''**તે** / **હું** બચવા માટે દોડતું હતું.''

## ◆ મહાવરો ૮. (અ) ઉદાહરણ મુજબ લખોઃ

| અ | બ |
|---|---|
| કાકા | નાના કાકા |
| મંડપ | વિશાળ મંડપ |
| પાન | |
| ચા | |
| ભાઈ | |
| બહેન | |

## ◆ મહાવરો ૯. નીચેનું ઉદાહરણ જોઈ વાક્યો બનાવોઃ

(બ) ઉદાહરણ : મેં કૂતરો જોયો.
મેં કાળો કૂતરો જોયો.
મેં એક કાળો કૂતરો જોયો.
મેં એક મોટો કાળો કૂતરો જોયો.

(૧) રૂખસાનાએ કંપાસ ખરીદ્યો.

______________________________

______________________________

______________________________

(૨) હાર્દિક રમે છે.

______________________________

______________________________

______________________________

(૩) ચંદ્રિકા વાર્તા કહેશે.

______________________________

______________________________

______________________________

## મહાવરો ૧૦. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

ઉદાહરણ : **હાંફતાં-હાંફતાં**

હાથી હાંફતાં-હાંફતાં કીડીબહેન પાસે ગયો.

(૧) મરક-મરક ______________________

(૨) રમતાં-રમતાં ______________________

(૩) પીતાં-પીતાં ______________________

(૪) ગાતાં-ગાતાં ______________________

(૫) દોડતાં-દોડતાં ______________________

(૬) કૂદતાં-કૂદતાં ______________________

## G312 પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો, તમે ધોરણ ૩ના પાઠ્યપુસ્તક 'કલશોર'માં આવેલા નવા શબ્દોથી પરિચિત છો. તમે ઑફલાઇન/ઑનલાઇન શિક્ષણના માધ્યમ થકી નવા શબ્દોની સમજ મેળવી જ છે. જ્યારે આપણે કોઈ પણ પાઠ વાંચતા હોઈએ ત્યારે નવા શબ્દો નીચે લીટી દોરી તેનો અર્થ સમજવાનો પ્રયાસ જરૂર કરીશું.

જે પરિચિત શબ્દો હોય તેના સમાનાર્થી એટલે કે 'એના જેવો અર્થ ધરાવતો બીજો શબ્દ' તમે શોધો. વિચારો તો તમને નવો શબ્દ મળે છે. કેટલાક શબ્દો તમારી સ્થાનિક ભાષાના પણ તમે બોલતા હશો. રોજેરોજ તમે તેનો ઉપયોગ પણ કરો છો. નવા શબ્દનો અર્થ શોધવા તમે તમારા શિક્ષક, વાલી કે શાળા-પુસ્તકાલય / વર્ગ-પુસ્તકાલયના શબ્દકોશમાંથી પણ શોધવાનો પ્રયત્ન કરજો.

સમાનાર્થી તેમજ વિરુદ્ધાર્થી શબ્દોનો અર્થ સમજવાની પ્રવૃત્તિ તમે અગાઉ કરી ચૂક્યા છો. તો ચાલો તે પૈકીની કેટલીક પ્રવૃત્તિ ફરી યાદ કરી લઈએ.

વિરુદ્ધાર્થી શબ્દની જોડ બનાવવા માટે તમે શિક્ષક કે વાલીની મદદ લઈ શકો છો.

### ◆ મહાવરો ૧. શબ્દ પરથી વાક્ય લખોઃ

(૧) બકરી ______________________

(૨) ગાડી ______________________

(૩) ઠળિયો ______________________

(૪) ત્રિકોણ ______________________

(૫) પથ્થર ______________________

(૬) માપપટ્ટી ______________________

(૭) કબડ્ડી ______________________

(૮) સ્વચ્છ ______________________

### ◆ મહાવરો ૨. ઉદાહરણ મુજબ લખોઃ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સ | ફ | દ | ઈ | સ | જ્ઞ | ટા |
| અ | ળ | વા | ધ | ન | ર | ટ |
| મ | સ | ગ | ત | મિ | લ | જ |
| ર | મ | ક | તો | ડા | મ | ય |
| ફ | વૃ | ક્ષ | મા | કો | મ | ળ |
| ળ | ડ | ન | વ | હ | લ | વી |
| ખ | દ | સા | ટ | વા | રી | સો |
| ન | વા | ઈ | ડ | ર | ત | ફ |

ઉદાહરણ: ઝાડ ____વૃક્ષ____ | નરમ ________

ઠંડી ________ | અચરજ ________

પવન ________ | ભય ________

◆ **મહાવરો ૩. આપેલા વર્તુળમાંથી ઉદાહરણ મુજબ શબ્દ-જોડકાં બનાવો.**

- નીચે
- સાંજ
- અંદર
- ઉપર
- રાત
- બહાર
- ઊંચા
- ગરમી
- સવાર
- દિવસ
- નીચા
- ઠંડી

ઉદાહરણ: દિવસ x રાત

________ x ________ | ________ x ________

________ x ________ | ________ x ________

________ x ________ | ________ x ________

◆ **મહાવરો ૩. ચોરસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ઉદાહરણ મુજબ શબ્દ-જોડકાં બનાવો:**

ઉદાહરણ : સુંદર - રૂપાળું

| | | | | |
|---|---|---|---|---|
| ખાઈ | આનંદ | બેડોળ | દોસ્ત | લીલોતરી |
| વન | મજાક | વૃદ્ધ | શરમ | સુંદર |
| પસંદ | ખીણ | ખુશી | કદરૂપું | મિત્ર |
| જંગલ | મશ્કરી | ઘરડું | રૂપાળું | હરિયાળી |
| ગમતું | લાજ | | | |

________ - ________ | ________ - ________

________ - ________ | ________ - ________

________ - ________ | ________ - ________

________ - ________ | ________ - ________

________ - ________ | ________ - ________

________ - ________ | ________ - ________

________ - ________ | ________ - ________

________ - ________ | ________ - ________

## G303 શબ્દનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો, આપણે અગાઉ મૂળાક્ષર પરથી શબ્દ બનાવવા, આપેલા શબ્દ પરથી નવા શબ્દો બનાવવા. આડાઅવળા ક્રમમાં મૂળાક્ષર આપેલા હોય તો યોગ્ય ક્રમમાં શબ્દ બનાવવા. કોઈ એક મૂળાક્ષર પર ગોળ કરવું જેવી પ્રવૃત્તિઓ કરી છે.

જેમ કે, 'ટ્ર' આપેલ હોય 'રાષ્ટ્ર' પર ગોળ કરવું જેવી પ્રવૃત્તિ આપણે કરીશું. આ ઉપરાંત 'ડ્ર' માટે પણ આપણે કરી શકીએ. 'નખીશો' - શોખીન' આ રીતે શબ્દ બનાવવો. રૂમાલ-રૂપિયા, કૃષિ-કૃતિ જેવા બીજા શબ્દો લખવાની પ્રવૃત્તિ પણ આપણે કરીશું.

ઉદાહરણમાં આપેલી પ્રવૃત્તિ મુજબની પ્રવૃત્તિ અહીં આપી છે ! જે અગાઉ આપણે કરી છે, તો ફરી આપણે યાદ કરીએ.

કૌંસમાં આપેલ યોગ્ય મૂળાક્ષરનો ઉપયોગ કરી ઉદાહરણ મુજબ શબ્દ બનાવો.

### ◆ મહાવરો ૧. (સુ સં કુ)ના ઉપયોગ કરી શબ્દ બનાવો.

ઉદાહરણ: ગીત-સંગીત

(૧) ગંધ ______ (૩) લેખન ______ (૫) તાપ ______

(૨) ટેવ ______ (૪) વાદ ______

### ◆ મહાવરો ૨. નીચે આપેલા શબ્દોને વાંચો અને જોઈને ખાનામાં લખો. તેમજ તેના જેવા બીજા શબ્દ લખો:

| ક્રમ | શબ્દ | લેખન | નવો શબ્દ |
|---|---|---|---|
| ૧. | યજ્ઞ | યજ્ઞ | સુજ્ઞ |
| ૨. | શ્રુતિ | | |
| ૩. | ઋષિ | | |
| ૪. | ક્ષત્રિય | | |
| ૫. | રૂમાલ | | |
| ૬. | શ્રવણ | | |
| ૭. | કૃષિ | | |
| ૮. | ત્રિલોક | | |

## ◆ મહાવરો ૩. આપેલા શબ્દોમાંથી ઓછામાં ઓછા ત્રણ શબ્દ બનાવો:

**ઉદાહરણ:** નવજીવન - નવ, જીવ, વન, જીવન

રાજહંસ - ______ ______ ______

માનસરોવર - ______ ______ ______

ભાવનગર - ______ ______ ______

સફરજન - ______ ______ ______

અમદાવાદ - ______ ______ ______

## ◆ મહાવરો ૪. ઉદાહરણ મુજબ શબ્દ બનાવો:

**ઉદાહરણ:** **ક, સ, ડ, - કેસૂડો**

(૧) ફ, ગ, ણ, ય - ______

(૨) પ, ચ, ક, ર - ______

(૩) અ, બ, લ - ______

(૪) ક, પ, લ - ______

(૫) વ, સ, ન., - ______

(૬) મ, હ, ન, થ, ળ - ______

(૭) સ, ત, ફ, ળ - ______

(૮) ક, જ, ક, ન, ર - ______

(૯) ગ, લ, બ, જ, બ - ______

◆ **મહાવરો ૪. ઉદાહરણ મુજબ લખોઃ**

**ઉદાહરણઃ નખીશો - શોખીન**

(૧) ડીપચો - ____________

(૨) નજી - ____________

(૩) નસલે - ____________

(૪) ફિકટ્રા - ____________

(૫) ગાઆગડી - ____________

(૬) ગલંપ - ____________

(૭) જ્ઞાઆ - ____________

(૮) ળુંવાજઅ - ____________

*

# ૧. ખિસ્સામાં પહેલવાન? હા!

**અધ્યયન નિષ્પત્તિઃ**

G403 કથનાત્મક લખાણ સાંભળી/ વાંચીને સમજે છે.
G404 કાવ્યાત્મક લખાણ વાંચીને સમજે છે.
G405 કથનાત્મક લખાણનું વાંચન-અર્થગ્રહણ કરે છે.
G406 માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે.
G412 લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.
G413 નામ ઓળખાવ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.
G414 પરિચિત શબ્દોને ઓળખી શકે છે.
G415 નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે.

**પ્રશ્ન ૧. દરજીભાઈ કાપડમાંથી વસ્ત્ર સીવી રહ્યા છે. કાપડમાંથી વસ્ત્ર બનાવવા દરજીભાઈએ શું શું કર્યું હશે? લખો.**



______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન ૨. વાક્ય સાચું હોય તો 'હા રે હા' અને ખોટું હોય તો 'ના રે ના' લખો.**

૧. નવો બુશકોટ જોઈ ખિસ્સું એના પર બેસવાનું વિચારતું. ____________

૨. ખિસ્સું રખડ્યા કરતું એ બુશકોટભાઈને ખૂબ ગમતું. ____________

૩. ખિસ્સું ખાબોચિયામાં પડ્યું ને ગંદું ગંદું થયું. ____________

૪. સૂરજદાદાને જોઈ ખિસ્સું હરખાઈ ગયું. ____________

૫. સૂરજદાદાએ વ્હાલથી હાથ ફેરવ્યો ને ખિસ્સું સૂકાઈ ગયું. ____________

૬. ખિસ્સાને નિરજભાઈના ઝભ્ભા પર બેસવું હતું. ____________

૭. ખિસ્સું કરચલીવાળું હતું માટે દરજીભાઈએ એને ભગાડી મૂક્યું.

૮. ખિસ્સું હસતાં હસતાં ધોબીભાઈની દુકાને ગયું. ____________

૯. ધોબીભાઈએ ખિસ્સાની મદદ કરી. ____________

૧૦. નવું નક્કોર ખિસ્સું જોઈ દરજીભાઈ ખુશ થયા. ____________

## પ્રશ્ન ૩. આવું કોણ બોલી શકે?

૧. ____________ : હવે તું સરસ લાગે છે. આવ, તને બુશકોટ પર બેસાડી દઉં.

૨. ____________ : દરજીભાઈ, તમે તો મારા બુશકોટ પર સરસ મજાનું ખિસ્સું બેસાડ્યું ને!

૩. ____________ : અરે અરે! તું મારાથી ડરે છે શા માટે?

૪. ____________ : અરે બાપ રે! આ તો ખૂબ ગરમ ગરમ છે.

૫. ____________ : હું તો મસ્ત મજાનું ખિસ્સું જ બુશકોટ પર ચોંટાડીશ.

૬. ____________ : મારે તારી સાથે વાત નથી કરવી.

## પ્રશ્ન ૪. આવું ખિસ્સાને કોણ કહેશે?

૧. હવે તું બુશકોટ પર બેસવા જેવું સરસ થઈ ગયું છે. ____________

૨. અરે! તેં તો બધાં કપડાં ભીનાં કરી દીધાં. ____________

૩. તને મારા બુશકોટ પર જોઈ મજા પડી. ____________

૪. તું જ્યાં ત્યાં ફર્યા કરે છે એ મને જરાય ગમતું નથી. ____________

૫. હું છું ને! તારે રડવાની કોઈ જરૂર નથી. ____________

૬. મને તારા રડવાનું કારણ ન સમજાયું. ____________

## પ્રશ્ન ૫. કોણ શું બોલ્યું? બે બે સંવાદ લખો.

- દરજીભાઈ

૧. ______________________________

૨. ______________________________

- બુશકોટભાઈ

૧. ______________________________

૨. ______________________________

- સૂરજદાદા

૧. ______________________________

૨. ______________________________

- ખિસ્સું

૧. ______________________________

૨. ______________________________

- ધોબીભાઈ

૧. ______________________________

૨. ______________________________

## પ્રશ્ન ૬. આવું થયું ત્યારે કેવું થયું?

૧. ખિસ્સું ખાબોચિયામાં પડ્યું ને એના પર ચોંટેલી ધૂળ ધોવાઈ ગઈ. ઊજળું ઊજળું

૨. સવાર પડ્યું ને સૂરજદાદા ચમકી ઊઠ્યા. ______________________________

૩. તું સુકાઈ ગયું એટલે મને ખૂબ ગમે છે. ______________________________

૪. ખાબોચિયામાં પડ્યા પછી ખિસ્સું દેખાવે થઈ ગયું. ______________________________

૫. ખિસ્સાની કરચલીઓ દૂર થઈ ગઈ. ______________________________

**પ્રશ્ન ૭. કૌંસમાં આપેલ વાક્યોને વાર્તાના ક્રમ મુજબ યોગ્ય જગ્યાએ ગોઠવો.**

**(ખિસ્સું ફરીથી દરજીભાઈની દુકાને ગયું./ધોબીભાઈ ખિસ્સા પર ખિજાયા./પોતાનો નવો બુશકોટ જોઈ નીરજભાઈ ખુશ ખુશ થઈ ગયા./**

૧. ખિસ્સું નવા નવા બુશકોટ પાસે ગયું.

૨. ખિસ્સું આંસુના ખાબોચિયામાં પલળી ગયું.

૩. ______

૪. ______

૫. દરજીભાઈએ ખિસ્સાને દુકાનમાંથી હાંકી કાઢ્યું.

૬. ______

૭. ખિસ્સું દાઝ્યું.

૮. ______

૯. દરજીભાઈએ ખિસ્સાને બુશકોટ પર બેસાડ્યું.

૧૦. ખિસ્સું ફેરફૂદરડી ફરતું ફરતું નીરજભાઈના બુશકોટ પર બેસી ગયું.

૧૧. ______

**પ્રશ્ન ૮. પ્રશ્નોના જવાબ લખો.**

૧. બુશકોટભાઈએ ખિસ્સાને 'ભાગ અહીંથી' એમ શાથી કહ્યું?

______

______

૨. ખિસ્સું ક્યારે ક્યારે રાજી થાય છે?

______

______

૩. દરજીભાઈએ ખિસ્સાને બુશકોટ પર બેસાડવાની શા માટે ના પાડી?

______

______

૪. ખિસ્સું ધોબીભાઈ પાસે કેમ ગયું?

૫. ખિસ્સાએ ધોબીભાઈને થેન્કયુ શા માટે કહ્યું?

૬. ધોબીભાઈને આવજો કહી ખિસ્સું ક્યાં ગયું? કેમ?

૭. નવો બુશકોટ જોઈ નીરજભાઈ રાજી કેમ થઈ ગયા?

**પ્રશ્ન ૯. 'મને ગમતું ખિસ્સું' વિશે લખો. (આકાર- રંગ- ડિઝાઈન- નાનું- મોટું)**

**પ્રશ્ન ૧૦. (.), (?), (!) નિશાનીવાળાં વાક્યો લખો. એક વાક્ય પાઠમાંથી શોધો અને બીજું વાક્ય જાતે બનાવીને લખો.**

- (.)

૧.

૨.

- (?)

૧. ____________________

૨. ____________________

- (!)

૧. ____________________

૨. ____________________

**પ્રશ્ન ૧૧. ઉદાહરણ મુજબ વાક્યો પાઠમાંથી શોધો અને બીજું નવું વાક્ય બનાવો.**

**ઉદાહરણ ઊજળું ઊજળું**

- એ ઊજળું ઊજળું ને ચોખ્ખુંચોખ્ખું થઈ ગયું.
- સફેદ રંગ લગાવવાથી ઘર ઊજળું ઊજળું થઈ ગયું.
- ઝગમગ ઝગમગ
  - ____________________
  - ____________________
- વહાલું-વહાલું
  - ____________________
  - ____________________
- હરખાતું હરખાતું
  - ____________________
  - ____________________
- રડતાં રડતાં
  - ____________________
  - ____________________

**પ્રશ્ન ૧૨. તમારા પ્રવાસના અનુભવના આધારે જવાબ આપો.**

૧. ક્યાં ગયાં હતાં?

________________________________________

________________________________________

૨. ક્યારે ગયાં હતાં?

________________________________________

________________________________________

૩. શું-શું જોયું?

________________________________________

________________________________________

૫. પ્રવાસમાં કેમ જોડાયા?

________________________________________

________________________________________

૬. કોની સાથે ગયા?

________________________________________

________________________________________

**પ્રશ્ન ૧૩. વિગત વાંચો અને તેના આધારે સૂચના મુજબ કામ કરો.**

હેત્વી સાંજે મોબાઈલની દુકાને ગઈ. સાથે રીયાને પણ આવવા કહ્યું, "ચાલને, આ મારો મોબાઈલ બગડ્યો છે. બતાવી આવીએ." "હા હા, ચાલ મારે પણ બજારમાં થોડું કામ છે."

**- ટૂંકમાં જવાબ લખો.**

ક્યાં? ____________________ શું? ____________________

કોણ? ____________________ ક્યારે? ____________________

કેમ? ____________________ કોને? ____________________

**પ્રશ્ન ૧૪. વાક્ય વાંચો અને સમજો. આપેલ શબ્દનો ઉપયોગ કરી વાક્યના આધારે પ્રશ્ન બનાવો.**

- પ્રીતેશ ગઈકાલે જ એના પરિવાર સાથે ગાડી લઈ એના મિત્રને મળવા ગામડે ગયો.

૨. ક્યાં : ____________________

૩. કોણ : ____________________

૪. ક્યારે : ____________________

૫. શું : ____________________

૬. કોને : ____________________

**પ્રશ્ન ૧૫. વાક્ય વાંચો અને લીટી દોરેલ શબ્દસમૂહનો અર્થ શોધી ✓ ની નિશાની કરો.**

૧. આ રમકડું મજબૂત અને ટકાઉ નથી.

તકલાદી/ખરાબ/નકામું

૨. નિશાબેન સામેના ઘરમાં ભાડેથી રહેનારાં છે.

ભાડું/ભાડૂવાત/ઉછીનું

૩. શહેરમાં સ્થળે સ્થળે જાહેરાતનાં બોર્ડ જોવા મળે છે.

ચારેબાજુ/બધે જ/ઠેરઠેર

**પ્રશ્ન ૧૬. સાચા વિકલ્પ સામે ✓ કરો.**

૧. મોંનાં ફ્લેટના છ-સાત ભાડવાત આવ્યા.

_______ છ-સાત દાંત આવ્યા.

_______ અક્ષયના ફ્લેટમાં કોઈ ભાડૂવાત રહેવા આવ્યા.

૨. તે અહિંસક હતું ને તકલાદી હતું.

_______ એનું મોઢું બગડેલું હતું.

_______ કશું જ ખાઈ શકાતું નહોતું.

૩. એના પેઢામાં ઠેરઠેર ચળ ઉપડે.

________ એના ખાવાનું ખૂબ મન થતું.

________ એના પેઢામાં ખંજવાળ થતી.

૪. હવે આવ્યા તો લઈને બારાત આવ્યા.

________ ઘણા દાંત આવ્યા.

________ ઘણું ખાવાનું લઈને આવ્યા.

## પ્રશ્ન ૧૭. પ્રશ્નોના ઉત્તર લખો.

૧. દાંતને ભાડૂવાત કેમ કહ્યા હશે?

________________________________________

________________________________________

૨. દાંત આવતાં પહેલાં અક્ષયના મોઢાને અહિંસક કે તકલાદી કેમ કહ્યું હશે?

________________________________________

________________________________________

૩. દાંત હથિયાર તરીકે શી રીતે ઉપયોગી થાય છે?

________________________________________

________________________________________

૪. અક્ષયને વારંવાર બોટલ શા માટે અપાતી હતી?

________________________________________

________________________________________

૫. દાંતની સાથે ઝઘડો-પંચાત કેવી રીતે આવ્યા હશે?

________________________________________

________________________________________

## પ્રશ્ન ૧૮. ઉદાહરણ મુજબના બીજા શબ્દ લખો.

- ઠેરઠેર ____________________
- ઝરમર ____________________

### રચનાત્મક મૂલ્યાંકન

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | ✕ | ? | ✓ |
| G403 | કથનાત્મક લખાણ સાંભળી/ વાંચીને સમજે છે. | | | |
| G404 | કાવ્યાત્મક લખાણ વાંચીને સમજે છે. | | | |
| G405 | કથનાત્મક લખાણનું વાંચન-અર્થગ્રહણ કરે છે. | | | |
| G406 | માહિતીલક્ષી લઆણ લખી/કરી શકે છે. | | | |
| G412 | લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. | | | |
| G413 | નામ ઓળખાવ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે. | | | |
| G414 | પરિચિત શબ્દોને ઓળખી શકે છે. | | | |
| G415 | નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે. | | | |

# ૨. તેને તે ઊગશે?

**અધ્યયન નિષ્પત્તિ:**

G401 શબ્દ અને વાક્યોનું સંકેતીકરણ કરી શકે છે.

G405 કથનાત્મક લખાણનું વાંચન-અર્થગ્રહણ કરે છે.

G412 લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G413 નામ ઓળખાવ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.

G415 નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે.

